# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આફ્રિકાના દેશોને સત્તા નહીં પણ ભાગીદારી દ્વારા ભવિષ્યનું નિર્માણ કરવા હાકલ કરી.

2) નામીબિયાની સંસદને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું - ભારત-નામિબિયાની મિત્રતા સમયની કસોટી પર ખરી ઉતરી છે.

3) વડોદરામાં પાદરાના મૂજપુર ખાતે પુલનો એક ભાગ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 12 થયો.

4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાંચીમાં પૂર્વીય ક્ષેત્રીય પરિષદની 27મી બેઠકની અધ્યક્ષતા કરશે.

5) ક્રિકેટમાં, ભારત અને યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં ટકરાશે.

..........................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM – NAMIBIAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આફ્રિકાના દેશોને સત્તા નહીં પણ ભાગીદારી દ્વારા સ્વદેશી ઓળખ જાળવી રાખીને ભવિષ્યનું નિર્માણ કરવા હાકલ કરી છે. તેમણે જણાવ્યું કે ભારત ગ્લોબલ સાઉથ અંગે ખૂબ ચિંતિત છે અને વ્યક્તિગત રીતે નહીં પણ વિશ્વ સાથે વૃધ્ધિ કરવામાં માને છે.

નામીબિયાની સંસદને સંબોધતા શ્રી મોદીએ ભારત અને નામીબિયા વચ્ચેના ઊંડા મૂળ ધરાવતા ઐતિહાસિક સંબંધોને યાદ કરતાં જણાવ્યું હતું કે, તેમની મિત્રતા સમયની કસોટી પર ખરી ઉતરી છે. તેમણે નોંધ્યું હતું કે બંને દેશો માત્ર તેમના ભૂતકાળને જ સંભારતા નથી, પરંતુ તેમના સહિયારા ભવિષ્યની સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ભારતના લોકો નામિબિયાના મુક્તિ સંગ્રામ દરમિયાન તેમની સાથે ગર્વથી ઊભા રહ્યા હતા.

## (BYTE: PM ON FRIENDSHIP)

પ્રધાનમંત્રી મોદીએ "લોકશાહીની માતા" અને વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત તરફથી પ્રતિષ્ઠિત ગૃહના સભ્યો અને નામિબિયાના મૈત્રીપૂર્ણ લોકોને શુભેચ્છાઓ આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ આફ્રિકાના યુવાનોની ક્ષમતા નિર્માણ અને નામિબિયામાં આરોગ્યસંભાળના માળખાના વિસ્તરણ પર ભારતનું ધ્યાન કેન્દ્રિત કરવાની પણ પુષ્ટિ કરી હતી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, નામિબિયા સાથે ઉદ્યોગસાહસિકતા, આરોગ્ય અને ડિજિટલ સહકાર સહિતની સમજૂતિઓ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે.

શ્રી મોદીએ નામિબિયા સાથે આગામી સમયમાં હીરા ક્ષેત્રે વેપાર વધુ મજબૂત થવાની અપેક્ષા વ્યક્ત કરતા આ મુજબ જણાવ્યુઃ

**(PM: ON DIAMIOND)**

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, ભારત-આફ્રિકા વચ્ચેની ભાગીદારીનું સાચું મૂલ્ય વૃધ્ધિ અને સહિયારા હેતુમાં સમાયેલું છે. પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે, ભારત આફ્રિકામાં સ્થાનિક રોજગાર સર્જન અને સ્થાનિક નવીનીકરણને પ્રોત્સાહન આપવા રોકાણ કરવાનું ચાલુ રાખશે.

પ્રધાનમંત્રીએ કહ્યું છે કે આફ્રિકાને માત્ર કાચા માલના સ્રોત તરીકે ન જોવું જોઈએ, પરંતુ એક એવા ખંડ તરીકે જોવું જોઈએ જેણે મૂલ્ય સર્જન અને ટકાઉ વિકાસમાં આગેવાની લેવી જોઈએ. આફ્રિકન યુનિયનના એજન્ડા 2063, ખાસ કરીને તેના ઔદ્યોગિકરણના લક્ષ્યો માટે ભારતના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે સંરક્ષણ અને સુરક્ષા જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. વિદેશ મંત્રાલયના સચિવ દામ્મુ રવિએ આ મુલાકાત અંગે પત્રકારોને જણાવ્યું કે, પ્રધાનમંત્રી મોદી અને નામિબિયાના રાષ્ટ્રપ્રમુખ નેતુમ્બો નાંદી-એન્દાઇતવાહ વચ્ચે વિન્ડહોકમાં સંખ્યાબંધ મુદ્દાઓ પર મંત્રણા થઈ હતી. નામિબિયાની મુલાકાત સાથે પ્રધાનમંત્રીનો પાંચ રાષ્ટ્રો- ઘાના, ત્રિનિદાદ એન્ડ ટોબેગો, આર્જેન્ટીના, બ્રાઝિલ અને નામબિયાનો સફળ પ્રવાસ પૂર્ણ થયો છે. નામિબિયાથી અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટે પ્રધાનમંત્રીનાં નામિબિયા પ્રવાસ અંગે વધુ માહિતી આપીઃ

**(VOICE CAST: APARNA KHUNT NAMIBIA)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BRIDGE COLLAPS UPDATE

વડોદરામાં પાદરાના મૂજપુર ખાતે પુલનો એક ભાગ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 12 થયો છે. મોડી રાત્રે બચાવ કામગીરી દરમ્યાન ટ્રકને ખસેડતા તેમાંથી ત્રણ વ્યક્તિના મૃતદેહો મળી આવ્યા હતા.જેમાં બે વ્યક્તિની ઓળખ સ્થાપિત થઈ શકી છે. પાદરા સ્થિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ બાદ તેમના પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવ્યા હતા.

આ ઘટનામાં બચાવ કામગીરી સતત ચાલી રહી છે.જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ બચાવ કામગીરીનું સતત નિરીક્ષણ કરી રહ્યા છે.

દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ દુર્ઘટના અંગે મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપ્યા હતા.

# AMIT SHAH-EZC MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાંચીમાં પૂર્વીય ક્ષેત્રીય પરિષદની 27મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં ચાર પૂર્વીય રાજ્યો-ઝારખંડ, બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળના 70 પ્રતિનિધિઓ ભાગ લેશે. એજન્ડામાં બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ વચ્ચે બાકી રહેલા આંતરરાજ્ય મુદ્દાઓ પર ચર્ચા અને અગાઉની પરિષદની બેઠકોમાં લેવામાં આવેલા નિર્ણયોની પ્રગતિની સમીક્ષા સામેલ છે.

રાજ્ય સરકાર દ્વારા 20થી વધુ એજન્ડા તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં કેન્દ્ર સરકાર પાસેથી એક લાખ 36 હજાર કરોડ રૂપિયાની બાકી રકમની માંગ સામેલ છે. આ બેઠકમાં બિહાર સાથે અસ્કયામતો અને જવાબદારીઓની વહેંચણી અને પશ્ચિમ બંગાળ સાથે પાણીની વહેંચણીના મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની શક્યતા છે

# CRICKET-IND ENG

ક્રિકેટમાં, ભારત અને યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે પાંચ મેચની એન્ડરસન-તેંડુલકર ટ્રોફી શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં ટકરાશે.

બર્મિંઘમ ખાતેની બીજી ટેસ્ટમાં ભારતની 336 રનની શાનદાર જીત બાદ શ્રેણી હાલમાં 1-1થી બરાબરી પર છે. ભારતની જીતમાં આકાશદીપની 10 વિકેટ અને શુભમન ગિલની 430 રનની નોંધપાત્ર ઇનિંગનું મોટું યોગદાન હતું. ગિલે ટેસ્ટ ક્રિકેટનાં ઇતિહાસમાં બીજા ક્રમનો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર નોંધાવ્યો હતો. લીડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ઇંગ્લેન્ડનો વિજય થયો હતો.

# WOMEN'S CRICKET INDIA-ENGLAND

ક્રિકેટમાં, ભારતીય મહિલા ટીમે ગઈ કાલે રાત્રે એમીરેટ્સ ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે ચોથી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઇંગ્લેન્ડને છ વિકેટે હરાવીને પાંચ મેચની શ્રેણી 3-1 થી જીતી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડે 20 ઓવરમાં સાત વિકેટે 126 રન બનાવ્યા હતા.

જવાબમાં ભારતે માત્ર 17 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. ઓપનર સ્મૃતિ મંધાનાએ 32 અને શેફાલી વર્માએ 31 રનનું યોગદાન આપ્યું હતું. હરમનપ્રીત કૌરની આગેવાનીમાં ભારતે શ્રેણીની શરૂઆત નોટિંગહામમાં 97 રનથી જીત સાથે કરી હતી, ત્યારબાદ બ્રિસ્ટોલમાં 24 રનથી જીત મેળવી હતી. ઇંગ્લેન્ડે લંડન ખાતેની ત્રીજી મેચમાં પાંચ રનની વિજય મેળવ્યો હતો.

# DELHI AIRPORT – ADVISORY

દિલ્હી-NCR વિસ્તારમાં ભારે વરસાદને કારણે દિલ્હી આંતરરાષ્ટ્રીય હવાઇમથકે મુસાફરો માટે માર્ગદર્શિકા જારી કરી. પ્રવાસીઓને વિમાનમથક સુધી પહોંચવા અને સંભવિત વિલંબ ટાળવા માટે દિલ્હી મેટ્રો સહિત પરિવહનના વૈકલ્પિક માધ્યમનો ઉપયોગ કરવા સલાહ આપી છે.

દિલ્હી હવાઇમથકે જણાવ્યું કે, ફ્લાઇટ માટેની છેલ્લી માહિતી માટે, મુસાફરોને તેમની સંબંધિત એરલાઇન્સનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે. હાલ તમામ ઉડાનની કામગીરી સામાન્ય છે. દરમિયાન, હવામાન વિભાગે આગામી બે દિવસમાં દિલ્હીમાં ગાજવીજ અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

# TRUMP TARIFFS

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આઠ દેશો-બ્રાઝિલ, શ્રીલંકા, અલ્જીરિયા, ઇરાક, લિબિયા, ફિલિપાઇન્સ, મોલ્ડોવા અને બ્રુનેઈની આયાત પર નવી ટેરિફની જાહેરાત કરી છે. આ ટેરિફ 1 ઓગસ્ટથી લાગુ થશે.

બ્રાઝિલ પર સૌથી વધુ 50 ટકા ટેરિફ લાદવામાં આવી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા આ દેશોના નેતાઓને મોકલવામાં આવેલા પત્રોમાં જણાવ્યા મુજબ, અમેરિકા શ્રીલંકા, ઇરાક, અલ્જીરિયા અને લિબિયાથી આયાત થતી ચીજવસ્તુઓ પર 30 ટકા ટેરિફ, મોલ્ડોવા અને બ્રુનેઇ પર 25, જ્યારે ફિલિપાઈન્સને 20 ટકા ટેરિફનો સામનો કરવો પડશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના તમામ અખબરોએ ગંભીરા બ્રિજ દુર્ઘટના અંગેના સમાચાર પહેલા પાને પ્રકાશિત કર્યા છે.
  ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – મહી નદી પર ગંભીરા બ્રિજ તૂટી પડતાં 13ના કરુણ મોત
- ફૂલછાબનું મુખ્ય શિર્શક છે - ઘોર બેદરકારી,પરિણામ ગંભીરા
- નવગુજરાત સમય લખે  છે વડોદરામાં મહીસાગર નદી પરનો ગંભીર બ્રિજ તૂટયો - 13 ના મોત ,10 થી વધુ ઘાયલ
- સંદેશની હેડલાઈન છે -ગંભીરા બ્રિજ કડડભૂસ .. વાહનો નદીમાં ખબક્યા 13 ના મોત
- દિવ્ય ભાસ્કરનું મુખ્ય શીર્ષક છે -ભરોસાનો પુલ ફરી તૂટયો 13 ના મોત
- આ ઉપરાંત વિવિધ અખબારોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નામીબિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત ,ડોનાલ્ડ ટ્રમ્પએ વધુ 7 દેશો સામે જંગી ટેરિફ અને રાજસ્થાનમાં વાયુસેનાનું વિમાન ક્રેશમાં બંને પાયલટના મોત સહિતના સમાચારો પહેલા પાને પ્રકાશિત  કરાયા છે.